# ડીસામાં સસ્તા અનાજનો જથ્થો રાજસ્થાનમાં વેચાયો

## ગરીબોને આપવાનો જથ્થો બારોબાર વેચાતા દુકાનદાર સામે ભારે ઉહાપોહ

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના સુથીયા ગામે સસ્તા અનાજની દુકાન ચલાવતા ઈસમે અનાજનો જથ્થો ગરીબોને આપવાના બદલે બારોબાર રાજસ્થાનમાં વેચી નાખતા લોકોએ આ ઈસમ સામે ફિટકાર વરસાવ્યો હતો. તો બીજી તરફ ફાટીને ધુમાડે ગયેલા રમેશના ભાઈ ગણપતે ધમકી આપતા જણાવ્યું હતું કે અનાજ રાજસ્થાન પહોંચાડવા માટે તો અમે લોકો છેક ઉપર સુધી પૈસા આપીએ છીએ માટે અમારૂ કોઈ કશુંજ બગાડી શકે તેમ નથી. ત્યારે લોકોએ તંત્ર પાસે માંગણી કરી હતી કે આ ઈસમનું લાયસન્સ રદ કરી તેની સામે તાત્કાલિક કાયદેસરના પગલાં ભરો અને રાજસ્થાનમાંથી આ અનાજ પરત લાવી ગરીબોને આપો.

દેશના વડાપ્રધાન અને ગુજરાતના મુખ્યમંત્રી ગુજરાત વાસીઓ માટે તેમજ ગરીબ લોકો માટે વિવિધ યોજનાઓ બહાર પાડે




છે. જેને લઈ ગરીબ લોકોને પણ સુવિધા મળી રહે. સરકાર દ્વારા તમામ ગરીબ લોકોને સસ્તા અનાજની દુકાન દ્વારા નજીવા દરે અનાજ, ભાત, દાળ, તેલ, કેરોસીન વગેરે જીવન જરૂરિયાત વસ્તુ આપવામાં આવે છે. પરંતુ કેટલાક સસ્તા અનાજની દુકાન ચલાવતા ઈસમો આ જીવન જરૂરિયાત વસ્તુઓ ગરીબોને સસ્તા ભાવે આપવાના બદલે રાજસ્થાનમાં ઊંચા ભાવે પધરાવી કાળાબજારી કરી રહ્યા છે. વાત છે કે ડીસા તાલુકાના સુથીયા ગામની કે જ્યાં રમેશભાઈ નામનો ઈસમ સસ્તા અનાદજની દુકાન ચલાવે છે અને આ રમેશ નામનો ઈસમ અનાજ ગરીબોને આપવાના બદલે અનાજ બારોબાર રાજસ્થાનમાં વેચી નાખે છે... પહેલા તો અમે પણ આ વાત લોકોના મોઢે સાંભળી હતી પરંતુ સમગ્ર વસ્તુ અમારા કેમેરામાં કેદ થતા અમે પણ ચોંકી ગયા હતા. આજે અમને લોકો દ્વારા જાણવા મળ્યુ હતું કે રમેશ આજે તેની દુકાનમાં પડેલો જથ્થો રાજસ્થાન વેચવા માટે ગાડી ભરી રહ્યો છે અને ગાડી ભરી માલ રાજસ્થાન જવાનો છે ત્યારે અમે આ બાબતે તપાસ કરતા ગાડી ૬૫ થી પણ વધુ ઘઉંના કટ્ટા ભરી રાજસ્થાન તરફ જઈ રહી હતી. ગાડીના ચાલકને આ બાબતે પુછતા તેને કેમેરા સામે બોલવાનો ઈન્કાર કરી દીધો હતો. અને ગાડીના ચાલક ઉપર કોઈ ગણપતભાઈ નામના ઈસમનો ફોન આવ્યો હતો જેને જણાવ્યું હતું કે આવા તો કેટલાય આવે આપણે પૈસા છેક ઉપર સુધી આપીએ છીએ માટે આપણું કોઈ કશું બગાડી શકે તેમ નથી અને જો કોઈ રસ્તામાં આવે તો તેને ગાડીથી ઉડાડી દેજે તેમ કહી ફોન મુકી દીધો હતો અને ગાડીનો ચાલક ત્યાંથી ગાડી લઈ રાજસ્થાનમાં ગયો હતો. ૬૫ કટ્ટા ઘઉં એટલે કે ૩૨૫૦ કિલો ઘઉં ગરીબોના મોઢામાંથી છીનવાઈ આ ૩૨૫૦ કિલો ઘઉં કેટલા ગરીબ પરિવારના હશે તે એક મોટો સવાલ છે. ત્યારે જો તંત્ર આ બાબતે તપાસ કરે તો સસ્તા અનાજની દુકાન ચલાવતા ઈસમોનો બહુ મોટુ કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે. ત્યારે હવે જોવાનું એ રહે છેકે તંત્ર ક્યારે આ દલાલને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરે છે તે તો સમય જ બતાવશે.

# મહીસાગર જિલ્લામાં વાઘણની ત્રાડો રાત્રી સમયે લોકોના કાન ફાડી નાખે છે

## વાઘણ અને બાળ વાઘ જેવા પગલાં દેખાતા કુતુહલ

સમગ્ર દેશના પર્યાવરણપ્રેમીઓ અને જીવદયા પ્રેમીઓમાં ગુજરાતનો મહીસાગર જીલ્લો રાજ્યમાં ૩૪ વર્ષ પછી જોવા મળેલા વાઘ અને થોડા દિવસો પછી કોહવાઈ ગયેલી હાલતમાં મળી આવેલ વાઘના મૃતદેહના પગલે ખુબ જાણીતો બન્યો છે. મહીસાગર જીલ્લાના જંગલ વિસ્તારમાં બકરા ચરાવવા ગયેલા પશુપાલકના બકારાઓનું વાઘે મારણ કર્યુ ત્યારે પશુપાલકે વાઘ સાથે તેનો પરિવાર હોવાનું જણાવ્યું હતું પરંતુ વનવિભાગ તંત્રે પુષ્ટિ કરી ન હતી, ત્યાર બાદ આજ સુધી મહીસાગર જીલ્લાના જંગલમાં વાઘણ અને બાળ વાઘ હોવાનું અને રાત્રીના સુમારે રાત્રે વાઘ ત્રાડો નાખતો હોવાનું જણાવ્યું હતું.



મહીસાગર જીલ્લામાં શિંગનલી ચોકડી પાસે લુણાવાડા તાલુકાના ટીમ્બા ગામે ખેતરમાં વાઘણ અને બાળ વાઘના પગલાં દેખાતા ખેતર માલિકે વનવિભાગ તંત્રને જાણ કરી હતી. વનવિભાગ તંત્ર દ્વારા વાઘણનાં અને બાળવાઘના પગલાં હોવાની પુષ્ટિ કરી નથી.

મહીસાગર જીલ્લાના ફોરેસ્ટર રોહિત પટેલના જણાવ્યા અનુસાર ટીમ્બા ગામ નજીક ખેતરમાં વન્ય પ્રાણીના ફૂટમાર્ક મળી આવ્યા છે. જીલ્લા વનવિભાગતંત્ર દ્વારા મહીસાગર જીલ્લામાં અગાઉ જે વિસ્તારમાં વાઘ કેમેરામાં કેદ થયો હતો અને ટીમ્બા ગામ નજીક નાઈટ વિઝન કેમેરા લગાવી દેવામાં આવ્યા છે.

મહીસાગર જીલ્લામાં લુણાવાડા નજીક આવેલી શિંગનલી ચોકડીથી સંતરામ પાર્ક જંગલ વિસ્તાર નજીક આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજાજનોને અનેકવાર રાત્રીના સુમારે વાઘની ત્રાડો સંભળાતી હોવાનું જણાવી રહ્યા છે. બીજીબાજુ વનવિભાગ તંત્ર વાઘણ અને બાળ વાઘની મહીસાગર જીલ્લામાં હોવાની સ્પષ્ટ નકારી રહ્યું છે.

# લોકસભાની ચૂંટણીને લઈ જિલ્લામાં ૯૦૦થી વધુ હથિયારો જમા લેવાયા

હિંમતનગર, તા. ૧૫


લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયા બાદ જિલ્લા કલેક્ટર દ્વારા સુલેહશાંતિનો ભંગ ન થાય અને આચારસંહિતાનો કડક અમલ કરાવવાના આશયથી તાજેતરમાં કલેક્ટર દ્વારા આઠથી વધુ જાહેરનામા પ્રસિદ્ધ કરાયા છે. ત્યારે તેમાં હથિયાર ધારકોને તેમના હથિયાર જમા કરાવવાના હોય છે. જે આધારે ત્રણ દિવસમાં ૯૦૦થી વધુ હથિયારો જમા લેવાયા છે તથા બાકીના હથિયારો જમા કરાવવા માટે હથિયાર ધારકોને સ્થાનિક પોલીસ દ્વારા તાકીદ કરાઈ રહી છે.

આ અંગે પરવાના શાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠામાં લોકસભા કે વિધાનસભાની ચૂંટણી હોય ત્યારે કલેક્ટર દ્વારા જાહેરનામુ બહાર પાડીને આવા હથિયારો જમા કરાવવા માટે જાણ કરવામાં આવે છે. જે મુજબ આગામી તા. ૨૩ એપ્રિલે સાબરકાંઠા પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા માટે ફરમાન કરાયુ છે. ત્યારે ગુરૂવાર સુધીમાં અંદાજે ૯૦૦ હથિયારો જમા થઈ ગયા છે જ્યારે બાકી રહેલા ૩૦ થી વધુ હથિયારો જમા કરાવવા માટે સ્થાનિક પોલીસ દ્વારા હથિયાર ધારકોને તાકીદ કરાઈ રહી છે.

# સાબરકાંઠા લોકસભા બેઠક માટે ભાજપ-કોંગ્રેસ ક્ષત્રિય-ઠાકોર ઉમેદવાર પર પસંદગી ઢોળાશે

સાબરકાંઠા લોકસભાની બેઠક લઈને પ્રદેશ ભાજપના નિયુક્ત ત્રણ નિરીક્ષકો પ્રદીપસિંહ





વાઘેલા, મોતીભાઈ વસાવા અને નૌકાબેન પ્રજાપતિએ અરવલ્લી જીલ્લાના બીજેપી કાર્યાલય મોડાસા ખાતે લોકસભા બેઠક માટે ઉમેદવારોની સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ સાબરકાંઠા બેઠક માટે અરવલ્લી જીલ્લામાંથી નહિ પરંતુ સાબરકાંઠા જીલ્લામાંથી ક્ષત્રિય-ઠાકોર સમાજના ઉમેદવારને મેદાનમાં ઉતારવાનું મન મનાવી લીધું છે. અરવલ્લી જીલ્લામાં ભાજપની ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા લોકસભામાં ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારો અને કાર્યકર્તાઓમાં અન્યાયની લાગણી ના અનુભવે તે માટે દેખાવપૂર્તિ હાથ ધરાઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા મેદાનમાં ઉતારવાની તૈયારીઓ આદરી હોવાની સંભાવના દેખાઈ રહી હોવાની ચર્ચાથી બંને જીલ્લાના ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો.

સાબરકાંઠા લોકસભા બેઠક પર ક્ષત્રિય-ઠાકોર સમાજના મતદારોનું પ્રભુત્વ હોવાથી ભાજપ-કોંગ્રેસ પક્ષ બેઠક જીતવા માટે ક્ષત્રિય-ઠાકોર ઉમેદવાર પર પસંદગી ઉતારશે. ભાજપ પાસે રહેલી આ બેઠક જાળવી રાખવા એડીચોટીનું જોર લગાવશે, બીજીબાજુ કોંગ્રેસ આ બેઠક આંચકી લેવા લોકપ્રિય ચહેરાની શોધ ચલાવી રહી છે જેમાં વર્તમાન ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્ય સહીત અનેક આગેવાનોના નામની ચર્ચા સાથે ગુપ્ત રાહે સાબરકાંઠા બેઠક પર ભાજપના ઉમેદવારને પરાજિત કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની શોધ હાથ ધરી હતી.

સાબરકાંઠા લોકસભા બેઠક પર ૬ લાખ ક્ષત્રિય ઠાકોર મતદારનું પ્રભુત્વ સાથે, એસટી મતદારો ૩.૫ લાખ અને એસી મતદારો ૧.૫ લાખ તથા મુસ્લિમ મતદારો ૧.૫ લાખ મતદારો હોવાથી કોંગ્રેસ તેની મતદારોમાંથી ગુમાવેલી શાખ અને વિશ્વાસ પરત મેળવવા મથામણમાં લાગી છે. બે ટર્મથી ભાજપ હસ્તક સાબરકાંઠા બેઠક જાળવવા મરણીયા પ્રયાસ કરશે.

# લોકસભાની ચૂંટણીના પગલે સાબરકાંઠાની આઠ સરહદો પર ચેકીંગનો ધમધમાટ

## દરેક ચેકપોસ્ટ પર પાંચથી વધુ પોલીસકર્મીઓ રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવશે

હિંમતનગર, તા. ૧૫

લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પાંચ દિવસ અગાઉ પ્રસિદ્ધ થયા બાદ સાબરકાંઠામાં આચારસંહિતા લાગુ થઈ ગઈ છે ત્યારે સરહદી જિલ્લા તરીકે ઓળખાતા સાબરકાંઠા જિલ્લામાં પોલીસતંત્ર દ્વારા આઠ સ્થળે ચેક પોસ્ટ શરૂ કરીને અહીંથી પસાર થતા વાહનોનું સઘન ચેકીંગ શરૂ કરવામાં આવ્યું છે. આ ચેક પોસ્ટ પર ૨૪ કલાક પોલીસ કર્મીઓ ફરજ બજાવી રહ્યા છે.

પોલીસવડા ચૈતન્ય માંડલીકના જણાવ્યા મુજબ સાબરકાંઠાના વિજયનગર તાલુકામાં આવેલ દૈયા, ખેરવા, પરોસડા, રાણી, ખોખરા, મામાપીપલા, કોટડાગઢી અને પદાણા નજીક પોલીસતંત્ર દ્વારા આચારસંહિતાના કડક અમલના ભાગરૂપે ચેકપોસ્ટ શરૂ કરી દેવામાં આવી છે જોકે આ સરહદી વિસ્તારોમાં નિયમિત રીતે ચેકપોસ્ટ પરથી પસાર થતા વાહનોનું ચેકીંગ કરવામાં આવે છે પરંતુ હવે આચારસંહિતાના કારણે ચેકપોસ્ટ પરથી પસાર થતા તમામ વાહનોનું ચેકીંગ કરીને તેની વિડીયોગ્રાફી ચૂંટણીપંચને મોકલાઈ રહી છે.




**ધાનેરાના રાજોડા નજીકથી દારૂ ભરેલી કાર ઝડપાઇ**

બનાસકાંઠાની એલસીબી પોલીસે ધાનેરાના રાજોડા નજીકથી વિદેશી દારૂ ભરેલી હુન્ડાઈ ક્રેટા ગાડીને ઝડપી લીધી છે. એલસીબી પોલીસની ટીમ ગતરોજ ધાનેરા વિસ્તારમાં પેટ્રોલીગમાં નીકળી હતી જે દરમ્યાન બાતમીના આધારે રાજોડા ગામની સીમમાં નદીના પટ પર નાકાબંધી કરી શંકાસ્પદ હાલતમાં આવેલી હુન્ડાઈ ક્રેટા ગાડીને આંતરી તલાશી લેતા આ ગાડીમાંથી ૭૫,૨૦૦ રૂપિયાની કિંમતનો ૧૮૮ બોટલ દારૂ મળી આવ્યો હતો.એલસીબી પોલીસે આ કેશમાં રાજસ્થાનના ગાડીચાલક કાલારામ દેવાસી (રબારી) ની અટકાયત કરી કુલ ૧૦,૭૭,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી આ દારૂ ભરાવનાર સુરેશભાઈ વિશ્નોઈ (રહે.હાડેતર તા.સાંચોર) તથા ગાડીના માલીક પંખરાજ છત્રારામ ચૌધરી (રહે.રાનીવાડા) તથા દારૂ મંગાવનાર સત્યજીતસીંગ ઉર્ફે બાપુ તરીકે ઓળખાતો વ્યક્તિ (રહે.અમદાવાદ) હાજર મળી આવેલ ના હોઈ ધાનેરા પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# સાબરકાંઠા પોલીસે વધુ એક ખંડણીખોર ઝડપી લીધો

હિંમતનગર, તા. ૧૫

રાજસ્થાનમાં ખુન, ખંડણી અને આર્મસ એક્ટના ૨૫થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા એક ખુંખાર ગુનેગારને બીડીવીજન પોલીસે થોડા દિવસ અગાઉ હિંમતનગરના બસસ્ટેન્ડમાંથી ઝડપી લીધો હતો. ત્યારબાદ પોલીસે તેની પૂછપરછ કરી આ પીસ્તોલ કોણે આપી તે અંગે માહિતી મેળવ્યા બાદ પોલીસે બુધવારે વધુ એક શખ્સને રાજસ્થાનના કોટામાંથી ઝડપી લઈ હિંમતનગર લવાયો છે.

આ અંગે બીડીવીઝન પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ થોડા દિવસ અગાઉ પોલીસે હિંમતનગરના બસ સ્ટેન્ડ બહાર આવેલા દરવાજા પાસેથી મુજફ્ફર ઉર્ફે ગોગા મુસ્તાકહુસેન જાનમહમદ પઠાણને ઝડપી લઈ તેની પાસેથી પીસ્તોલ અને ત્રણ જીવતા કારતુસ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે તેની પાસેથી મળેલી આ પીસ્તોલ કોની પાસેથી લીધી હતી તે અંગે પૂછપરછ કરતા આ ખુંખાર ખંડણીખોરે આ પીસ્તોલ રાજસ્થાનના કોટા ખાતે રહેતા કિશન જંગમ (ઉં.વ.૩૩) પાસેથી ખરીદી હોવાનું જણાવ્યુ હતુ.

ત્યારબાદ બીડીવીઝન પોલીસની ટીમે ગોગાને સાથે રાખી કિશાન જંગમને પકડવા માટે રાજસ્થાનના કોટા ખાતે જઈ તપાસ કર્યા બાદ કિશન જંગમને ઝડપી લેવામાં આવ્યો હતો. પકડાયેલો આ શખ્સ પણ ખંડણી, ખુન, લૂંટ અને મધ્યપ્રદેશના મનસોરમાં દારૂની હેરાફેરીના ગુનામાં નાસતો ફરતો હતો.

કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરવા માટેની હીલચાલ શરૂ કરાઈ છે.




**ધનસુરા પોલીસે રમોસ ગામમાંથી દારૂ સાથે બેની ધરપકડ**

ધનસુરા પોલિસે તારીખ૧૪-૩-૨૦૧૯ના રોજ ધનસુરા તાલુકાના રમોસ ગામ પાસેથી કારમાં દારૂ લઈને જતા બે લોકોની ધરપકડ કરી હતી. આ લોકો કારમાં દારૂ જઈ રહ્યા હતા ત્યારે ધનસુરા પોલિસે ૧૨૦ નંગ દારૂ બોટલ જેની કિંમત ૩૬૦૦૦ અને કાર અને મોબાઈલ સહિત ૧૦૭૦૦૦ના મુદ્દામાલ સાથે બે લોકોની ધરપકડ કરી હતી. આ આરોપીઓ ગાડી નંબર જીજે.૦૫.સીબી.૫૭૯૭માં દારૂ લઈને જતા હતા એ સમયે કારચાલક રામભાઈ ખેમાભાઈ રહે. રાજસ્થાન અને અન્ય સંજયકુમાર બંસીલાલ રહે. રાયગઢ આ બે લોકોને ધરપકડ કરી હતી. રાજ્યના પ્રતિબંધીત વિસ્તારમાં વગર પરમીટે દારૂ લઈને જતા બે લોકોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

રક્તદાન - મહાદાન

# સહકારી વિચારોના આધાર પર બનાસકાંઠા પ્રગતિના પંથે : શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ સંઘ, પાલનપુર (બનાસ ડેરી) અને જી.સી.એમ.એમ.એફ.ના સંયુક્ત ઉપક્રમે આયોજીત દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમની ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં વાવ-સુઈગામ તાલુકાની ઉજવણી રત્નાસરીના શક્તિધામ મંદિર ખાતે કરવામાં આવેલ હતી.

કાર્યક્રમના પોતાના પ્રાસંગીક પ્રવચનમાં ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જીલ્લાના આર્થિક વિકાસના પાયા સમાન બનાસ ડેરીએ દૂધના વ્યવસાયમાં વૈશ્વિક મંદીના માહોલમાં પણ સમગ્ર દેશમાં દૂધના ભાવ ચૂકવવામાં અગ્રીમ ભૂમિકા ભજવીને પશુપાલકોના હિતના રક્ષણ માટે સતત પ્રયાસો કર્યા હોવાનું જણાવીને જે-તે સમયગાળામાં રાજ્ય સરકારે પણ દૂધના પાઉડરની નિકાસમાં આપેલી કરોડો રૂપીયાની સહાયની યોજનાનો લાભ જીલ્લાના પશુપાલકો માટે હિતકારી ગણાવ્યો હતો. વધુમાં ચેરમેને મંદીનો સમયગાળો પસાર થયે દૂધના ભાવમાં વખતો વખત ભાવ વધારો બનાસ ડેરીએ ચુકવ્યો હોવાનું જણાવીને ડેરીનો વાર્ષિક નફો ગયા વર્ષ કરતાં વધુ રહેવાનો આશાવાદ સેવ્યો હતો. ચેરમેને વધુમાં ગોબર



ગેસ પ્રોજેક્ટ શરૂ થયે પશુઓના છાણમાંથી પણ વધારાની આવક જીલ્લાના પશુપાલકોને મળતી થવાની વાતને અહીં દોહરાવેલ હતી. ઉપરાંત દૂધ પરીવહનના ખર્ચમાં વાર્ષિક રૂ. ૧૫ કરોડ જ્યારે પ્રોસેસિંગ-પેકેજીંગ પ્લાન્ટનો મહત્તમ ઉપયોગ કરી રૂ. ૪૫ લાખની બચત બનાસ ડેરીએ કરી હોવાની બાબતથી પણ મોટી સંખ્યામાં હાજર પશુપાલકોને શંકરભાઈએ માહિતગાર કર્યા હતા.

પશુદિઠ દૂધ ઉત્પાદન હરિફાઈ યોજના અંતર્ગત સુઈગામ તાલુકામાં દેશીગાય વિભાગમાં પ્રથમ નંબરે આવનાર જહુબેન ભુરાજી રાજપૂતને રૂ. ૫૦૦૦નું ઈનામ તથા ડેરીની જનશ્રી વિમા યોજના અંતર્ગત કુદરતી મૃત્યુ પામનારા ૯૨ સભાસદોના વારસદારોને રૂ. ૩૦,૦૦૦ના ચેકનું વિતરણ પણ અહીં કરવામાં આવેલ હતુ.

ચેરમેનના ઉદ્‌ઘાટન અગાઉ ઈન્ચાર્જ મેનેજીંગ ડાયરેક્ટર કામરાજભાઈ ચૌધરીએ દૂધના વ્યાપારમાં વૈશ્વિક પ્રવાહો અને દૂધની ગુણવત્તા, ડેરીના એજીએમ (ડીએચ) ડૉ. હરીભાઈ પટેલે આદર્શ પશુપાલન પર, એજીએમ પ્રફૂલ્લ ભાનવાડીયા વહીવટી બાબતો તથા દૂધની ગુણવત્તા વિષયો અને આસીસ્ટન્ટ મેનેજર કરસનભાઈ ચૌધરીએ મંડળીઓની વહિવટી બાબતો પરના પ્રેઝન્ટેશન રજૂ કરી પશુપાલકોને આ બાબતો પર જરૂરી માહિતી પુરી પાડી હતી.

# અમદાવાદ-ઉદયપુર ટ્રેન હમણાં શરૂ નહી થાય : આચારસંહિતાનું ગ્રહણ લાગ્યુ

હિંમતનગર, તા. ૧૫

અમદાવાદ-ઉદયપુર વચ્ચે ગેજ રૂપાંતરનું કામ ચાલી રહ્યુ હોવાને કારણે અંદાજે બે વર્ષથી અમદાવાદ-ઉદયપુર વચ્ચે ટ્રેન વ્યવહાર બંધ હોવાને કારણે સાબરકાંઠા જિલ્લાની પ્રજાને અમદાવદ અને રાજસ્થાન તરફ જવા માટે રોડ પર દોડતા અન્ય વાહનોનો સહારો લેવો પડી રહ્યો છે. જોકે થોડા મહીના અગાઉ સાબરકાંઠાના સાંસદે અમદાવાદ-ઉદયપુર ટ્રેન માર્ચના અંત સુધીમાં શરૂ થઈ જશે તેવો દાવો કર્યો હતો પરંતુ લોકસભાની ચૂંટણી જાહેર થતા વિકાસકામો અને લોકાર્પણના કામો પણ આચારસંહિતા લાગી ગઈ છે જેથી અમદાવાદ ઉદયપુર વચ્ચે દોડનારી ટ્રેનો મે મહિના પછી ચાલુ થાય તેવી સ્થિતિ હાલના તબક્કે દેખાઈ રહી છે.

આ અંગે રેલવે તંત્રના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા બે વર્ષથી અમદાવાદ-ઉદયપુર વચ્ચે ગેજ રૂપાંતરનું કામ ચાલી રહ્યુ છે ત્યારે ટ્રેન વ્યવહાર સદંતર બંધ રખાયો છે. જોકે ટ્રેન વ્યવહાર બંધ થયા બાદ અનેક નવા રેલવે સ્ટેશનો, નાના ગરનાળા તથા ખુલ્લા ફાટકો બંધ કરવાની કામગીરી ધમધોકાર ચાલી રહી છે જેના ભાગરૂપે હિંમતનગરમાં બે ખુલ્લા રેલવે ફાટક બંધ કરવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. જોકે ગોકુલનગર રેલવે ફાટક પર અત્યારે કોઈ જ કામગીરી કરાઈ નથી તેથી એવુ લાગે છે કે અહીં પણ રેલવે અંડરબ્રિજ બને તેવી શક્યતા છે. કારણ કે રેલવે મંત્રાલયે ભૂતકાળમાં થયેલી રેલ દુર્ઘટનાઓ ખુલ્લા ફાટકો નજીક બની હતી જેથી આવા ખુલ્લા ફાટકો બંધ કરવાનું નક્કી કરાયુ હોવાથી ગોકુલનગર રેલવે ફાટક પર અંડરબ્રિજ બને તેમ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

થોડા મહિના અગાઉ સાબરકાંઠાના સાંસદે રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે હિંમતનગર રેલવે સ્ટેશનની મુલાકાત લીધા બાદ એવો દાવો કર્યો હતો કે અમદાવાદ-ઉદયપુર વચ્ચે માર્ચના અંત સુધીમાં ટ્રેન વ્યવહાર શરૂ થઈ જશે પરંતુ હકીકતમાં રેલવે તંત્ર દ્વારા નવા પાટા નંખાયા બાદ તેનુ પીચીંગનું કામ બાકી હોવાથી અજમાયશી ધોરણે ટ્રેકનું ચેકીંગ કરવા માટે ટ્રેન દોડાવી શકાય તેમ નથી જેથી હજુ સાબરકાંઠાની પ્રજાને ઓછામાં ઓછા બે મહિનાથી વધુ રાહ જોવી પડશે. દરમિયાન લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાની સાથે જ આચારસંહિતા અમલી બની ગઈ હોવાથી આગામી તા. ૨૩મે સુધી આ ટ્રેન ચાલુ કરવા માટે રાજકીય કાર્યક્રમ થઈ શકે તેમ નથી.